**ન્યુ જર્સી ઇકોનોમિક ડેવલપમેન્ટ ઓથોરિટી**
**ફંડની ઉપલબ્ધતાની નોટિસ**
**એક્ટિવેશન, રિવાઇટલાઇઝેશન અને ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ એપ્લિકેશન**

ન્યૂ જર્સી ઇકોનોમિક ડેવલપમેન્ટ ઓથોરિટી ("NJEDA" અથવા "ઓથોરિટી") મંગળવાર, 30મી મે, 2023ના રોજ સવારે 10:00 EST વાગ્યે એક્ટિવેશન, રિવાઇટલાઇઝેશન અને ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ માટેની એપ્લિકેશન સ્વીકારવાનું શરૂ કરશે. એપ્લિકેશન સ્પર્ધાત્મક વિન્ડો ખુલવા દરમિયાન સ્વીકારવામાં આવશે અને મંગળવાર, ઓગસ્ટ 22, 2023 ના રોજ સાંજે 5 EST વાગ્યે પર બંધ થશે. દરેક પ્રોડક્ટ માટે એપ્લિકેશન કરવાના સમયે 1,000 ડોલરની નોન-રિફંડપાત્ર એપ્લિકેશન ફી આપવાની રહેશે. બિન લાભકારી (સેવાભાવી) સંસ્થાઓ નોંધપાત્ર મુશ્કેલી પડે હોય તેવી ક્રિયા માટે ફી માફીની એપ્લિકેશન કરી શકે છે. જો આવકમાંથી ખર્ચ બાદ (લાઇન 19) 500,000 ડોલર કરતા આવતી રકમ ઓછી અથવા તેની બરાબર હોય અને નેટ એસેટ્સ/ફંડ બેલેન્સ (લાઇન 22) 1,000,000 ડોલર કરતા ઓછી રકમ અથવા તેની બરાબર હોય તો બિન-લાભકારી સંસ્થાના સૌથી તાજેતરના 990 ફોર્મ દ્વારા નોંધપાત્ર મુશ્કેલી પડે હોય તેવી ક્રિયા માટે ફી માફી દર્શાવી શકાય છે.

એપ્લિકેશનને એક્ટિવેશન, રિવાઇટલાઇઝેશન અને ટ્રાન્સફોર્મેશન (ART) પ્રોગ્રામ - NJEDA પર એક્સેસ કરી શકાય છે.

**હેતુ:**
એક્ટિવેશન, રિવાઇટલાઇઝેશન અને ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ ("ART પ્રોગ્રામ") એક સ્પર્ધાત્મક અનુદાન પ્રોગ્રામ છે જે કોવિડ-19 ની અસરોને સંબોધવા માટે અમેરિકન રેસ્ક્યુ પ્લાન સ્ટેટ અને લોકલ ફિસ્કલ રિકવરી (SLFRF) ફંડમાં સક્રિયપણે 10 મિલિયન ડોલરનો ઉપયોગ કરશે.

NJEDA દ્વારા સંચાલિત, ART પ્રોગ્રામ 10 મિલિયન ડોલરનો કુલ ફંડ સ્ત્રોત પૂરો પાડે છે બે અલગ-અલગ ફંડના સ્ત્રોતોમાંથી SLFRF ફંડિંગ. ફંડિંગ બે પાત્ર શહેરો, એટલાન્ટિક સિટી અને નેવાર્ક વચ્ચે વિભાજિત કરવામાં આવશે.

**બેકગ્રાઉન્ડ:**
ગવર્નર મર્ફીના નાણાકીય વર્ષ 2023ના બજેટમાં સંક્ષિપ્તમાં દર્શાવેલ અને ન્યૂ જર્સીની સંયુક્ત બજેટ દેખરેખ સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવ્યા મુજબ, એટલાન્ટિક સિટીમાં પ્રોજેક્ટ માટે કેસિનો રિઇન્વેસ્ટમેન્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીને પાંચ મિલિયન ડોલર ફાળવવામાં આવ્યા છે. કોમ્યુટર હબ શહેરોમાં કોવિડ-19 ની આર્થિક અસરને ઓછી કરતા પ્રોજેક્ટને સપોર્ટ આપવા માટે બાકીના પાંચ મિલિયન ડોલર NJEDAને ફાળવવામાં આવ્યા છે.

2020 ના માર્ચમાં દૂરસ્થ કર્મચારીમાં રૂપાંતરણ પછી, અર્થતંત્રને સપોર્ટ આપવા માટે ઉત્પ્રેરક વિકાસ કે જે દૂરસ્થ કાર્યને કારણે કર્મચારીઓની ખોટ દ્વારા સૌથી વધુ અસરગ્રસ્ત નગરપાલિકાઓને સપોર્ટ આપવા માટે કોમ્યુટર ફૂટ-ટ્રાફિક વધારવા અને જાળવી રાખવા જરૂરી છે. બાકીના 5 મિલિયન ડોલર કોમ્યુટર આધારિત કોવિડ-19 જાહેર આરોગ્ય કટોકટી દ્વારા સૌથી વધુ અસરગ્રસ્ત એક નગરપાલિકાને સમર્પિત કરવામાં આવશે. વિશ્લેષણમાં રહેણાંકની વસ્તી અને દિવસ દરમિયાનની કુલ વસ્તી વચ્ચેના સૌથી મોટા કુલ

તફાવત સાથેની નગરપાલિકાને ધ્યાનમાં લે છે 2015 - 2019 યુ.એસ. વસ્તી ગણતરીના અમેરિકન સમુદાયના સર્વેક્ષણમાં અને ન્યૂ જર્સી ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિટી અફેર્સ દ્વારા વિશ્લેષણ કરાયેલા ડેટા અનુસાર નેવાર્ક શહેર આ માપદંડને પૂર્ણ કરે છે. વિશ્લેષણ જણાવે છે કે નેવાર્કની કુલ દિવસ દરમિયાનની વસ્તી 401,712 છે; 281,054 ની રહેણાંક વસ્તી જેમાં દિવસ દરમિયાન 120,658 ની વસ્તીમાં વધારો થયો છે. આ ડેટા ન્યૂ જર્સીની તમામ નગરપાલિકામાં દિવસના સમયની સૌથી વધુ વસ્તી વધારો દર્શાવે છે.

ART પ્રોગ્રામનો હેતુ એવા પ્રોજેક્ટમાં રોકાણ કરીને રોગચાળાની નકારાત્મક આર્થિક અસરોને સક્રિયપણે સંબોધવા માટે સ્થાનિક સંસ્થાઓ સાથે ભાગીદારી કરવાનો છે જે રહેવાસીઓ અને પ્રતિભાને આકર્ષવા અને જાળવી રાખવા માટે જરૂરી વાતાવરણ ઉભું કરે છે, વ્યવસાય નિર્માણ અને આકર્ષણને સક્ષમ બનાવે છે, શહેરના લોકોમાં ઉત્સાહ વધારવામાં અને સ્થાનિક સરકારોને ભાવિ બજેટ કટોકટી ટાળવામાં મદદ કરે છે.

## ફંડિંગ:

ART પ્રોગ્રામના SLFRF ફંડને મંજૂર કરવાનો હેતુ યુ.એસ ટ્રેઝરીના અંતિમ નિયમ અનુસાર રેવન્યુ રિપ્લેસમેન્ટ (કેટેગરી 6) છે.

આ પાયલોટ પ્રોગ્રામ બંને શહેરો એટલાન્ટિક સિટી અને નેવાર્ક માટે બે પ્રોડક્ટને સપોર્ટ કરશે: (1) રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોડક્ટ (2) પબ્લિક સ્પેસ એક્ટિવેશન પ્રોડક્ટ  દરેક પ્રોડક્ટની માંગના આધારે બે પ્રોડક્ટ વચ્ચે ફંડ ફંગીબલ હોઈ શકે છે.  રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોડક્ટ અને પબ્લિક સ્પેસ એક્ટિવેશન પ્રોડક્ટ બંને માટે ન્યૂનતમ એવોર્ડ વિનંતી 250,000 ડોલર છે. રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન પ્રોડક્ટ માટે મહત્તમ એવોર્ડ 3,500,000 ડોલર છે અને પબ્લિક સ્પેસ પ્રોડક્ટ માટે મહત્તમ એવોર્ડ 1,500,000 ડોલર છે.  ART પ્રોગ્રામ ફંડિંગ મેળવતા તમામ અરજદારોએ NJEDA ને અનુપાલન દર્શાવવા માટે ત્રિમાસિક રિપોર્ટ સબમિટ કરવા જરૂરી છે.

ફેડરલ પ્રોગ્રામ માર્ગદર્શિકા અનુસાર, તમામ ART ફંડ 31 ડિસેમ્બર, 2024 સુધીમાં ફરજિયાત હોવા જોઈએ અને 31 ડિસેમ્બર, 2026 સુધીમાં તેનો ખર્ચ કરવો આવશ્યક છે.

બે ART પ્રોગ્રામ પ્રોડક્ટ:

### પ્રોડક્ટ 1) - રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોડક્ટ

ART પ્રોગ્રામના રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ ગ્રાન્ટ પ્રોડક્ટ હેઠળ,
કુલ પ્રોગ્રામ ફંડિંગના સિત્તેર ટકા (70%) (દરેક નગરપાલિકામાં આશરે 3.5 મિલિયન ડોલર)
પ્રોજેક્ટ-વિશિષ્ટ જરૂરી અને બિન-જરૂરી ખર્ચને સપોર્ટ આપશે જે વ્યાપારીકરણને ફરીથી જીવંત કરે છે અને
ઉત્પ્રેરક વિકાસને પ્રોત્સાહન આપો

### પ્રોડક્ટ 2) - પબ્લિક સ્પેસ એક્ટિવેશન

ART પ્રોગ્રામના પબ્લિક સ્પેસ એક્ટિવેશન ગ્રાન્ટ પ્રોડક્ટ હેઠળ, કુલ પ્રોગ્રામ ફંડિંગના ત્રીસ ટકા (30%) (દરેક નગરપાલિકામાં આશરે 1.5 મિલિયન ડોલર) પબ્લિક સ્પેસ એક્ટિવેશન પહેલના નિર્માણને સપોર્ટ આપી શકે છે.

## <u>પાત્રતા</u>

પ્રોજેક્ટ ART પ્રોગ્રામ ફંડિંગ માટે પાત્ર બનવા માટે, તમામ દરખાસ્તોએ એ દર્શાવવું આવશ્યક છે કે સૂચિત ખર્ચ કેવી રીતે નેવાર્ક અથવા એટલાન્ટિક સિટીમાં કોવિડ-19 ની અસરને ઓછી કરશે. એપ્લિકેશનના ભાગ રૂપે, દરેક પ્રોજેક્ટને સૂચિત પ્રોજેક્ટ દ્વારા સંબોધવામાં આવતા નુકસાનને સ્પષ્ટપણે દર્શાવતું વર્ણન સબમિટ કરવું પડશે, અને આ ખર્ચ કેવી રીતે વ્યાપાર ક્ષેત્રની આર્થિક સ્થિતિસ્થાપકતા
અને આયુષ્યમાં વધારો કરશે કારણ કે આપણે રોગચાળામાંથી સામાન્ય જીવનમાં રૂપાંતરણ કરીએ છીએ. બધા અરજદારોએ તેમના હાલના પ્રોજેક્ટ ખર્ચ અને તેમની નાણાકીય જરૂરિયાતને એપ્લિકેશન કરવા સમયે પ્રમાણિત કરવું આવશ્યક છે

પ્રોજેક્ટ એટલાન્ટિક સિટી અથવા નેવાર્કમાં અને દરેક શહેરની અંદર પાત્ર વિસ્તારોમાં હાથ ધરાયેલા હોવા જોઈએ.

- એટલાન્ટિક સિટી- વ્યાપારી ક્ષેત્રમાં એટલાન્ટિક સિટી પ્રોજેક્ટને એટલાન્ટિક શહેરની સીમાઓમાં સ્થિત પ્રોજેક્ટ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે સક્રિય NJ ટ્રાન્ઝિટ રેલ સ્ટેશનની 1 ½ (1.5) માઇલ ત્રિજ્યાની અંદર સ્થિત છે,
- નેવાર્ક- વ્યાપારી ક્ષેત્રમાં નેવાર્ક પ્રોજેક્ટને નેવાર્ક શહેરની સીમાઓમાં સ્થિત પ્રોજેક્ટ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે સક્રિય NJ ટ્રાન્ઝિટ રેલ સ્ટેશનની 1½ (1.5) માઇલ ત્રિજ્યામાં છે.

સંસ્થાઓ એક અથવા બંને પ્રોગ્રામ માટે એપ્લિકેશન કરવા પાત્ર છે.

**નગરપાલિકાઓ અને સરકારી સંસ્થાઓ બેમાંથી એક માટે પણ એપ્લિકેશન કરવા પાત્ર નથી.**

બધા અરજદારોએ તેમના હાલના પ્રોજેક્ટ ખર્ચ અને તેમની નાણાકીય જરૂરિયાત માટે એપ્લિકેશન કરવા સમયે પ્રમાણિત કરવું આવશ્યક છે.

## પ્રોડક્ટ (1) - <u>રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોડક્ટ પાત્રતા:</u>

## પાત્ર અરજદારો:

ખાનગી અથવા બિન-લાભકારી સંસ્થાના(સેવાભાવી) ડેવલોપર કે જેઓ ડેવલોપમેન્ટ અને રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવી શકે છે અથવા સમાન અવકાશના પ્રોજેક્ટ માટેનો અનુભવ ધરાવી શકે છે.

બિન-લાભકારી સંસ્થાના ઇકોનોમિક ડેવલોપમેન્ટ અથવા રિડેવલોપમેન્ટ માટેની એજન્સીઓ કે જે ડેવલોપમેન્ટ અથવા રિડેવલોપમેન્ટના પ્રોજેક્ટને પૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવી શકે છે અથવા સમાન અવકાશના પ્રોજેક્ટ માટેનો અનુભવ ધરાવી શકે છે.

વાણિજ્યિક મિલકતના માલિક(માલિકો) કે જેઓ ડેવલોપમેન્ટ અને રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવી શકે છે અથવા સમાન અવકાશના પ્રોજેક્ટ માટેનો અનુભવ ધરાવી શકે છે.

## પાત્ર પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ:

ART ભંડોળ માટે પાત્ર બનવા માટે, તમામ મૂડી આધારિત બાંધકામ પ્રોજેક્ટની કુલ કિંમત 10 મિલિયન ડોલર કરતાં ઓછી હોવી જોઈએ. આ પ્રોજેક્ટમાં શામેલ હોઈ શકે છે:

- ખાલી ઇમારતોનું રિનોવેશન અને ફરીથી સ્ટોર કરવી, અથવા આંશિક રીતે ભરાયેલી ઇમારતની અંદર ખાલી જગ્યાના સ્ક્વેર ફૂટ.
- હાલની ખાલી જગ્યા પર ઓછામાં ઓછા 10,000 સ્ક્વેર ફૂટનું નવું બાંધકામ.
- ઉપલબ્ધિ ખર્ચ.
- પાત્ર પ્રોજેક્ટમાં મિક્સ રીતે-ઉપયોગી બાંધકામનો સમાવેશ થઈ શકે છે.

## અપાત્ર પ્રવૃત્તિઓમાં શામેલ છે:

- ભાવિ વિકાસ માટે ખાલી જગ્યા બનાવવા માટે માળખું તોડી પાડવું.
- પ્રોજેક્ટ કે જે 100% રહેણાંક બાંધકામ છે.

## પ્રોડક્ટ (2) - <u>પબ્લિક સ્પેસ એક્ટિવેશન પ્રોડક્ટ પાત્રતા:</u>

### પાત્ર અરજદારો:

501c(3) અથવા 501c(19) સ્ટેટ્સ ધરાવતી બિનનફાકારક (સેવાભાવી) સંસ્થાઓ, જેમાં ઇકોનોમિક ડેવલોપમેન્ટ કોર્પોરેશન, કોમ્યુનિટી ડેવલોપમેન્ટ કોર્પોરેશન, નોન-પ્રોફિટ ઇકોનોમિક ડેવલોપમેન્ટ અથવા રિડેવલોપમેન્ટ એજન્સીઓ, બેઝ્નેસ ઇન્પ્રૂવમેન્ટ ડિસ્ટ્રિક્ટ અને સિટી ઇમ્પ્રૂવમેન્ટ ડિસ્ટ્રિક્ટ અને આર્ટ ઓર્ગેનાઈઝેશનનો સમાવેશ થાય છે પરંતુ તેના સુધી મર્યાદિત નથી.

### પાત્ર પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ:

ભંડોળ પબ્લિક સ્પેસ એક્ટિવેશનની શરૂઆતના નિર્માણને સમર્થન આપે તેવી અપેક્ષા છે, જેમ કે:

- ઇવેન્ટ દ્વારા પ્લેસમેકિંગ પ્રોજેક્ટ, પબ્લિક આર્ટ ઇન્સ્ટોલેશન્સ, સિગ્નેજ અને સ્ટ્રીટસ્કેપ ઇમ્પ્રૂવમેન્ટ પબ્લિક પ્લેસ એક્ટિવેશન
- આર્ટ ઓર્ગેનાઈઝેશન માટે સંચાલન ખર્ચ
- માત્ર મિક્સ ઉપયોગ અને વ્યાવસાયિક મિલકતના પ્રોગ્રામેટિક ઉપયોગ(ઇનક્યુબેટર સ્પેસ, નાના બિઝનેસ સપોર્ટ અને ઇવેન્ટ સહિત) માટે માસ્ટર/સબલીઝ

## પ્રોજેક્ટ વિચારણાઓ:

પ્રોડક્ટ (1) અને (2) બંને માટે સ્પર્ધાત્મક પ્રોજેક્ટ સ્પષ્ટપણે કોવિડ-19 ની અસરોને સંબોધશે નીચેની વિચારણાઓનો જવાબ આપીને જાહેર આરોગ્ય કટોકટી:

• કોવિડની અસર: અરજદારોએ સંબોધિત કરવું આવશ્યક છે કે દરખાસ્ત કેવી રીતે પ્રતિભાવ આપે છે કોવિડ-19 રોગચાળાની નકારાત્મક જાહેર આરોગ્ય અને/અથવા આર્થિક અસરો અને તમામ SLFRF આવશ્યકતાઓનું પાલન કરે છે.
• સ્થાનો: પ્રોજેક્ટ એટલાન્ટિક સિટી અથવા નેવાર્કમાં સ્થિત હોવા જોઈએ. બધા પ્રોજેક્ટ

વ્યાપારી ક્ષેત્રને સમર્થન આપે છે અને સામૂહિક પરિવહન સાથે શહેરી વિસ્તારોમાં સ્થિત હોય છે.
• **ક્ષમતા:** અરજદારને સમાન પ્રકારના પ્રોજેક્ટનો અમલ કરવાનો અનુભવ હોવો આવશ્યક છે
અવકાશ.
• લાંબા ગાળાની અસરો: સ્પર્ધાત્મક અરજદારોએ એપ્લિકેશન પ્રક્રિયા દ્વારા સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે સમુદાયમા દરખાસ્તની સકારાત્મક લાંબા ગાળાની અસર કેવી રીતે થશે
આમાં નાના વ્યવસાયોને સમર્થન આપવા માટે સુવિધાને રિનોવેટ કરવા જેવા કેટલાક પરિબળોનો સમાવેશ થઈ શકે છે,
જેમાં તે કેવી રીતે વસ્તી અને ટેક્સની આવકમાં વૃદ્ધિને સક્ષમ કરશે તે પણ સામેલ છે.
• નાણાકીય સદ્ધરતા: પ્રોજેક્ટની લાંબા ગાળાની નાણાકીય સદ્ધરતા
અને પ્રો ફોર્મા સબમિટ કરીને પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટેનો સમયગાળો દર્શાવવો આવશ્યક છે.
• સ્થાનિક અસરની વિચારણાઓ: પ્રોજેક્ટ
સ્થાનિક માસ્ટર પ્લાનમાં, ડાઉનટાઉનમાં અથવા
નેબરહૂડ પ્લાન, કેપિટલ ઇમ્પ્રૂવમેન્ટ પ્લાન અને/અથવા ઇકોનોમિક ડેવલોપમેન્ટ
સ્ટ્રેટેજી, ઇન્ફ્રાસ્ટ્રક્ચરની તૈયારી સાથેના લક્ષ્ય અને વિઝનને સમર્થન આપે છે તે દર્શાવવું આવશ્યક છે.
• U.S. ટ્રેઝરી રિપોર્ટિંગ: U.S. ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરી પ્રદાન કરવાની ક્ષમતા સાથે
1 મિલિયનથી વધુ ડોલરના તમામ પ્રોજેક્ટ ખર્ચ માટે સંબંધિત રિપોર્ટિંગ,
ખાસ કરીને, તમામ દરખાસ્તોએ એટલાન્ટિક સિટી અથવા નેવાર્કમાં
કોવિડ-19ની અસરોને કેવી રીતે સંબોધિત કરશે અને કોવિડને કારણે થતા આર્થિક નુકસાનને પહોંચી વળવા માટે આ મૂડી ખર્ચ શા માટે સૌથી યોગ્ય છે તેના પર એક વર્ણન પ્રદાન કરવું આવશ્યક છે.

## <u>સ્કોરિંગ</u>

NJEDA મૂલ્યાંકન કરવા માટે 3 એપ્લિકેશનની જરૂર છે જો કે, ઓથોરિટી એક ગ્રાન્ટ એવોર્ડ મંજૂર કરવાનો અધિકાર અનામત રાખે છે. બધા સફળ અરજદારોએ સમાન વિતરણ શેડ્યૂલનું પાલન કરવું આવશ્યક છે. ગ્રાન્ટ મેળવવા માટે અરજદારોએ પ્રગતિના રિપોર્ટ સબમિટ કરવા જરૂરી છે. ઓછામાં ઓછું પ્રગતિ રિપોર્ટમાં શામેલ હોવું આવશ્યક છે:
• આજ સુધી ખર્ચવામાં આવેલ ભંડોળનો સારાંશ;
• હાંસલ કરેલા લક્ષ્યો અને અંતિમ યોજનાની પૂર્ણતા તરફ એકંદર પ્રગતિની વિગતો આપતું વર્ણન; અને
• N.J.A.C. અનુસાર પ્રવર્તમાન વેતન માટે રાજ્ય નિયમનકારી અનુપાલનનો પુરાવો. 19:30-4.2 અને N.J.A.C. ના અનુસંધાનમાં સકારાત્મક કાર્યવાહી 19:30-3.3.

ગ્રાન્ટ 0-100 પોઈન્ટના સ્કેલ પર સ્કોર કરવામાં આવશે, એવોર્ડ ભલામણો એવી એપ્લિકેશન સુધી મર્યાદિત છે કે જે 65 પોઈન્ટની ન્યૂનતમ સ્કોરની અથવા તેનાથી વધુ સ્કોરની જરૂરિયાતને પૂર્ણ કરે છે, પ્રદર્શન B માં મળેલા દરેક માપદંડો પર એપ્લિકેશનનું મૂલ્યાંકન અને સ્કોર કરવામાં આવશે.

સ્પર્ધાત્મક એપ્લિકેશન વિન્ડો બંધ થયા પછી પ્રાપ્ત થયેલી સૌથી વધુ સ્કોરવાળી એપ્લિકેશનના આધારે ગ્રાન્ટ એવોર્ડની ભલામણો કરવામાં આવશે. જ્યાં સુધી ભંડોળનો સંપૂર્ણ ઉપયોગ ન થાય ત્યાં સુધી એવોર્ડની ભલામણ કરવામાં આવશે.

NJEDA સ્ટાફ દરેક પ્રોડક્ટ માટેની દરેક પૂર્ણ એપ્લિકેશન માટે

સ્કોરિંગ કમિટી બનાવશે સ્ટાફ તેના આધારે બોર્ડને મંજૂરી માટે અરજદારોની ભલામણ કરશે સ્કોરિંગ કે જેને અરજદારના ભંડોળ વિનંતી પ્રમાણપત્રના આધારે અને સ્ટાફની સમીક્ષાના આધારે સંપૂર્ણપણે ભંડોળ પૂરું પાડી શકાય છે,

જો આગામી ક્રમાંકિત અરજદાર (જે લઘુત્તમ સ્કોર કરતા વધુ સ્કોર કરે છે) સંપૂર્ણપણે ભંડોળ મેળવી શકતા નથી, NJEDA સ્ટાફ તે ઉપલબ્ધ રકમના અરજદારને સૂચિત કરશે જેને એવોર્ડ આપવામાં આવી શકે છે. અરજદાર પાસે ગ્રાન્ટની રકમ સ્વીકારવા માટે નોટિસની તારીખથી 15 કામકાજના દિવસો હશે અને ઉદ્દેશ્ય સંબંધિત પત્ર, પ્રતિબદ્ધતા પત્ર, બેંક સ્ટેટમેન્ટ અથવા અન્ય કોઈપણ માધ્યમનો ઉપયોગ કરીને પ્રોજેક્ટ હજી પણ પૂર્ણ થઈ શકે છે તેની ખાતરી કરવા માટે વધારાના ભંડોળના પૂરાવા પૂરા પાડવા પડશે. જો અરજદાર ઉપલબ્ધ રકમ ન સ્વીકારવાનું નક્કી કરે અથવા પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે વધારાના ભંડોળની ઓળખ ન કરે, તો એપ્લિકેશન અધૂરી ગણાશે અને NJEDA દ્વારા પાછી ખેંચી લેવામાં આવશે. જો વધારાનું ભંડોળ આવા ભંડોળ માટેની પ્રોડક્ટની જરૂરિયાતને પૂર્ણ કરતું નથી તો એપ્લિકેશન પણ નકારવામાં આવી શકે છે. જો તે અરજદારને કોઈ એવોર્ડ આપવામાં નહીં આવે, તો NJEDA એ જ પ્રક્રિયા સાથે આગળની સૌથી વધુ સ્કોરવાળી એપ્લિકેશન (લઘુત્તમ સ્કોરથી ઉપર) માટે આગળ વધશે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન, અરજદારને તેના પ્રોજેક્ટમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં, કારણ કે તે સ્કોરિંગને અસર કરશે.

સંપૂર્ણ સ્કોર માટેના માપદંડ અને ઉપલબ્ધ પોઈન્ટ અહીં જોઇ શકાય છે:
https://www.njeda.com/wp-content/uploads/2022/10/ART-Scoring-Specifications.pdf

ગ્રાન્ટનું વિતરણ:

NJEDA માત્ર અરજદારને ગ્રાન્ટનું વિતરણ કરશે. એપ્લિકેશન તમામ નિયમો અને શરતો સાથે કોઈપણ આયોજક ભાગીદારો અને/અથવા પેટા કોન્ટ્રાક્ટરોના અનુપાલનની ખાતરી કરવા માટે અરજદાર જવાબદાર રહેશે. અરજદાર કોઈપણ નગરપાલિકા, કાઉન્ટી અથવા આયોજક ભાગીદારોને કારણે કોઈપણ ચુકવણી માટે એકમાત્ર અને સંપૂર્ણ જવાબદારી માટે અનુમાન લગાવે છે.

રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ, અરજદારોને
પ્રોજેક્ટ પૂર્ણ થવા પર 50% પર કુલ એવોર્ડ રકમના 50% નું એક વિતરણ પ્રાપ્ત થશે
જે તેમના કરાર દસ્તાવેજો જેમ કે તેમના AIA (અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્કિટેક્ટ્સ) દસ્તાવેજો દ્વારા દર્શાવ્યા મુજબ હશે. બીજું વિતરણ ત્યારે થશે
જ્યારે અરજદાર માલિકીનું પ્રમાણપત્ર અને પૂર્ણતાનો પુરાવો પ્રદાન કરી શકે

પબ્લિક સ્પેસ એક્ટિવેશન પ્રોગ્રામ હેઠળ, અરજદારને
ગ્રાન્ટના કરારના અમલ પછી સંપૂર્ણ ગ્રાન્ટની રકમ પ્રાપ્ત થશે, અને પછી પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધી ત્રિમાસિક રિપોર્ટિંગ સબમિટ કરવાની જરૂર પડશે. NJEDA અરજદારને રિપોર્ટ આપશે,
અને તેઓ ભંડોળનો યોગ્ય ઉપયોગ દર્શાવતા જરૂરી દસ્તાવેજો પૂર્ણ કરશે.

## એપ્લિકેશનની પ્રક્રિયા:

ART પ્રોગ્રામ 60-કામકાજી દિવસની વિન્ડો દરમિયાન એપ્લિકેશન સ્વીકારતો સ્પર્ધાત્મક ગ્રાન્ટ પ્રોગ્રામ હશે. જો તેમનો પ્રોજેક્ટ પાત્ર હોય તો અરજદારો એક જ સમયે બંને પ્રોડક્ટ માટે એપ્લિકેશન કરી શકે છે.

અધિકારીઓ પૂર્ણતા તપાસવા માટે એપ્લિકેશનની મુદત પૂરી થયા પછી એપ્લિકેશનનીની સમીક્ષા કરશે. કોઈપણ ખામીઓને દૂર કરવા માટે અરજદારોને પાંચ કામકાજી દિવસ આપવામાં આવશે. જો અરજદાર બેજવાબદાર હોય, તો પાંચ દિવસના સમયગાળાના અંતે, એપ્લિકેશન પાછી ખેંચી લેવામાં આવી હોવાનું માનવામાં આવશે. અધિકારીઓની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, સ્ટાફ એપ્લિકેશનની માહિતીની સ્પષ્ટતા માટે પૂછી શકે છે, જેમાં જવાબો, દસ્તાવેજીકરણ અને જોડાણોનો સમાવેશ થાય છે પરંતુ તેના સુધી મર્યાદિત નથી.  એકવાર એપ્લિકેશન પૂર્ણ થઈ જાય તે પછી તેની પાત્રતા માટે સમીક્ષા કરવામાં આવશે.

**ફી:**

NJEDA અરજદારો પાસેથી નીચેની ફી વસૂલશે:

- NJEDA રિયલ એસ્ટેટ રિહેબિલિટેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોડક્ટ દ્વારા ભંડોળ માટે એપ્લિકેશન કરતી તમામ સંસ્થાઓને 1,000 ડોલરની ની નોન-રિફંડેબલ એપ્લિકેશન ફી અને પબ્લિક સ્પેસ એક્ટિવેશન પ્રોડક્ટ દ્વારા ભંડોળ માટે એપ્લિકેશન કરતી તમામ સંસ્થાઓને 1,000 ડોલર વસૂલશે.
- બિન-લાભકારી(સેવાભાવી) સંસ્થાઓ એપ્લિકેશન સમયે અનુચિત હાડમારી માટે ફી માફી માટે એપ્લિકેશન કરી શકે છે. જો આવકમાંથી ખર્ચ બાદ કરતાં (લાઇન 19) 500,000 ડોલર કરતાં ઓછો અથવા તેના બરાબર છે અને ચોખ્ખી એસેટ/ભંડોળ બેલેન્સ (લાઇન 22) 1,000,000 ડોલર કરતાં ઓછું અથવા તેની બરાબર છે તો અનુચિત હાડમારી માટે ફી માફી બિન-લાભકારી (સેવાભાવી) સંસ્થા સૌથી તાજેતરના 990 ફોર્મ દ્વારા દર્શાવી શકાય છે.

**ART પરની વધારાની માહિતી એક્ટિવેશન, રિવાઇટલાઇઝેશન અને ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ - NJEDA પર મળી શકે છે.**

ફંડની ઉપલબ્ધતાની આ સૂચનાને લગતા પ્રશ્નો ઇમેઇલ ART@njeda.gov પર સબમિટ કરવા જોઈએ.